અપીલ અરજી નં.૨૩૪ તા.૨૭–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હરીશ ઉર્ફે હીરાલાલ ગેબીલાલ દલાલ

સામાવાળાઃ– ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરીશ ઉર્ફે હીરાલાલ ગેબીલાલ દલાલની તા.૨૨–૯–૦૯ ની અરજીથી વોર્ડ નં.૩ નોંધ નં.૨૧૫૭–૨૧૫૮ પૈકી તથા ૨૮૮૫ વાળી જમીન (૧) ઈ.નં.૨૭૨૩ તા.૨૫–૨–૧૯૭૫ વાળી રજાચીઠ્ઠીથી બાંધકામ માટેની પરવાનગી શ્રી કેશવભાઈ ડી.પટેલે દિવ્ય વસુંધરા ફાઈ.પ્રા.લી.ના ડાયરેકટરને આપેલ ગ્રાઉન્ડ ફલોર ના બાંધકામના નકશાની ઝેરોક્ષ (૨) મે.સંજીવ બીલ્ડર્સના રીવાઈઝ પ્લાન જે તા.૨૫–૨–૮૭ ના રોજ કોર્પોરેશને મંજુર કરેલ તેના ગ્રાઉન્ડ ફલોર પર બાંધકામના નકશાની ઝેરોક્ષ આપવા બાબત.

**સંદર્ભ :**–અરજદાર મજકુરની તા.૨૮–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૩૪/૨૦૦૯–૧૦

શ્રી હરીશ ઉર્ફે હીરાલાલ ગેબીલાલ દલાલની તા.૨૨–૯–૦૯ અરજીથી વોર્ડ નં.૩ નોંધ નં.૨૧૫૭–૨૧૫૮ પૈકી તથા ૨૮૮૫ વાળી જમીન (૧) ઈ.નં.૨૭૨૩ તા.૨૫–૨–૧૯૭૫ વાળી રજાચીઠ્ઠીથી બાંધકામ માટેની પરવાનગી શ્રી કેશવભાઈ ડી.પટેલે દિવ્ય વસુંધરા ફાઈ.પ્રા.લી.ના ડાયરેકટરને આપેલ ગ્રાઉન્ડ ફલોર ના બાંધકામના નકશાની ઝેરોક્ષ (૨) મે.સંજીવ બીલ્ડર્સના રીવાઈઝ પ્લાન જે તા.૨૫–૨–૮૭ ના રોજ કોર્પોરેશને મંજુર કરેલ તેના ગ્રાઉન્ડ ફલોર પર બાંધકામના નકશાની ઝેરોક્ષ આપવા બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ ખાતાના પત્ર નં.ટી.ડી.ઓ/૨૮૮૮ તા.૧૬–૧૦–૦૯ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૫૭ તા.૭–૧૧–૦૯ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) તથા અરજદારને અપીલ અરજીમાં દફતર ગુમ કરવાના આક્ષેપ અંગે આધાર અને વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.ટીડીઓ/૩૨૩૯ તા.૧૭–૧૧–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સ ે.ઝોન/આરટીઆઈ/જાવક /૮૯૧ તા.૧–૧૦–૦૯ થી ટાઉન પ્લાનર શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોનને સંદર્ભ ફાઈલ બાબતે પાઠવેલ પત્ર નં.ટીડીઓ/૨૭૭૦ તા.૧૨–૧૦–૦૯ ના પત્રની નકલ તથા તેના પ્રત્યુત્તર બાબતે સેન્ટ્રલઝોન તરફથી નગર નિયોજકને પાઠવેલ પત્ર નં.સી.ઝેડ/એન્જી./આ.નં.૨૫૭૯ તા.૧૪–૧૦–૦૯ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલ માહિતી પત્ર નં.ટીડીઓ/૨૮૮૮ તા.૧૬–૧૦–૦૯ ના પત્રની નકલ, અરજદારને પૂરક વિગતો અંગે પાઠવેલ પત્ર બાબતે તા.૨૩–૧૧–૦૯ ના રોજ પ્રત્યુત્તર મળેલ છે જેમાં તા.૧૮–૯–૦૯ ના રોજ રીજન્ટ માર્કેટવાળાએ ૨૫ ફુટની જગ્યા ન છોડી પાર્કીગમાં દિવાલ બનાવતાં માર્કેટના ગ્રાઉન્ડફલોર ની નકશાની માંગણી કરી હતી. ત્યાર બાદ ૧૯–૯–૦૯ અને ૬–૧૦–૦૯ થી પત્ર લખવામાં આવેલ. ૧૯૭૫/૧૯૮૭ ની ઈન્ડિયા માર્કેટની ફાઈલ ગુમ કરવામાં આવી હતી તેવા આક્ષેપવાળો પત્ર રજૂ કરેલ છે. પરંતુ આક્ષેપ બાબતે કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી.

અરજદારની તા.૨૨–૯–૦૯ ની અરજીથી ઉપરોકત વિષયમાં જણાવ્યા વિગતેની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.ટીડીઓ/૨૮૮૮ તા.૧૬–૧૦–૦૯ થી " અરજદારે તા.૨૨–૯–૦૯ ની અરજી આઈ ડી નં.૭૨૧ થી સેન્ટ્રલઝોન કચેરીમાં કરેલ સદરહુ અરજી સેન્ટ્રલઝોન કચેરી ધ્વારા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૮૯૧ તા.૧–૧૦–૦૯ થી અત્રે તબદીલ કરવામાં આવેલ. જે તા.૩–૧૦–૦૯ ના રોજ મળેલ. અરજીમાં જણાવેલ વોર્ડ નં.૩ નોંધ નં.૨૧૫૭,૫૮ પૈકી તથા ૨૮૮૫ વાળી મિલ્કતના તા.૨૫–૨–૭૫ તથા તા.૨૫–૨–૮૭ થી મંજુર થયેલ પ્લાનો અંગેનો રેકર્ડ અત્રે ઉપલબ્ધ ન હોય માંગ્યા મુજબની માહિતી/નકલ આપી શકાય તેમ નથી." તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૨૮/૨૯–૧૦–૦૯ અપીલ અરજી કરી સદર ફાઈલ જાણીબુઝીને અમારા હકને નુકશાન કરવા ગુમ કરવામાં આવી છે. જેથી ભોંયતળિયાના ભાગના પ્લાની નકલ અપાવવા તથા અન્ય જવાબદાર સામે કાર્યવાહી કરવા રજૂઆત કરેલ છે પરંતુ તે અંગે અરજદાર આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી. તેમ છતાં ફાઈલ ગુમ થયાની માહિતી માંગેલ છે જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ નથી. આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ અનુક્રમે માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. પરંતુ તેની સાથે ગુમ થયેલ –નાશ થયેલ દફતર સહિતની ઉપલબ્ધ દફતરી વિગતો આરટીઆઈની કલમ–૪(૧)(બી) હેઠળના મેન્યુઅલ (૬) હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની છે. જાહેર માહિતી અધિકારીએ રેકર્ડ ગુમ થવા બાબતે કોઈ વિગતો અત્રે પણ રજૂ કરેલ નથી. જે જાહેર સત્તા મંડળમાં પારદર્શિતા અને જવાબદારના માધ્યમથી હોવી અનિવાર્ય છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે દફતર ઉપલબ્ધ નહીં હોવા સબંધે લાગત દફતરના નિકાલ કે નાશ કર્યાની બાબતના અનુસંધાને તેમ કર્યાની યાદીની સક્ષમ સત્તાની મંજુરી સહિતની નકલ, તથા કલમ–૪(૧) સી અને ડી ની જોગવાઈ ધ્યાને લઈ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જરૂર જણાયે સબંધિત દફતરના ઈન્સ્પેકશન સહ આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખઃ –૧૧ – ૦૯

ડે.*કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા પ્રતિ*

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હરીશ ઉર્ફે હીરાલાલ ગેબીલાલ દલાલ